ગાંધીનગર સમાચાર

# '... મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ.... હમ હોંગે કામયાબ એક દિન...'

**કેન્સર હોસ્પિટલમાં કોરોના દર્દીઓ પર મ્યુઝિક થેરાપીનો અભિનવ પ્રયોગ... અભિનવ પરિણામ**

**●●●**

**મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ.... હમ હોંગે કામયાબ એક દિન...'કે પછી' ઇતની શક્તિ હમે દેના દાતા... મમતા વિશ્વાસ કમજોર હો ના...**

અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં કોરોના વોર્ડ પાસેથી પસાર થતા હોઈએ, અને તમારા કાન પર સંગીત સુરાવલીના આ અર્થસભર શબ્દો સંભળાય તો આશ્ચર્ય ન પામતા ! .. અને રખે એવું માનતા કે તમે કોઈ મ્યુઝિક હોલ માં છો..જો કે આપણે હોસ્પિટલમાં હોઈએ અને વોર્ડની બહાર સંગીત, અંતાક્ષરી, સંભળાય તો આપણને આશ્ચર્ય થાય પરંતુ આશ્ચર્યચકિત થવાની જરૂર નથી વોર્ડમાં મ્યુઝિકલ થેરાપી ચાલતી હશે...



કોરોનાગ્રસ્તને સારવારની સાથે-સાથે મનોસ્થિતિ પણ સ્વસ્થ રહે તે માટે હોસ્પિટલના રેસીડેન્ટ તબીબોની ટીમ દર્દીઓને મ્યુઝિકલ થેરાપી આપી રહી છે. આ મ્યુઝીકલ થેરાપીમાં તેઓ દર્દીઓને અંતાક્ષરી રમાડે છે ,ગીત ગવડાવે છે, વોર્ડમાં લાગેલા ટીવી ઉપર વિવિધ સંગીતના ભજનના વિડિયો બતાવવામાં આવે છે જેથી વોર્ડનું વાતાવરણ મધૂર સંગીતમય બની રહે છે.

કેન્સર હોસ્પિટલના નિયામક ડોક્ટર પંડ્યા કહે છે કે, કોરોના ની સારવાર લેતા દર્દીઓ સ્વાભાવિકપણે એક પ્રકારની નિરાશા કેદાર અનુભવતા હશે તેમને અહીં અધ્યતન સારવાર તો અપાય છે પરંતુ તન સાથે તેમનું મન પણ



સ્વસ્થ રહે તે માટે અમારા ડોકટરોની ટીમ દ્વારા મ્યુઝિક થેરાપીનો અમલ કરાયો છે.. હોસ્પિટલના તમામ વોર્ડ, બિલ્ડીંગના વિવિધ સ્થળોએ સ્પીકર ગોઠવવામાં આવ્યા છે જેમાં ઈન્સ્ટુમેન્ટલ સંગીત વગાડવામાં આવે છે જે પણ દર્દીઓને માનસિક રીતે શાંતિપૂર્ણ વાતાવરણ આપે છે.

કેન્સર હોસ્પિટલના માઈક્રોબાયોલોજીકલ ડિપાર્ટમેન્ટના હેડ ડોક્ટર પારિજાત ગોસ્વામી કહે છે કે 'દિવસ દરમિયાન સવારે ૪ કલાક અન સાંજે ૨ કલાક મળીને કુલ ૬ કલાક તબક્કાવાર વિવિધતા ધરાવતા સંગીતની થેરાપી આપવામાં આવે છે. અમે આ દર્દીઓ તેની સારવારની સાથે સાથે તેમનું મન પ્રફુલ્લિત રહે તે માટે આ અનોખી પ્રવૃત્તિ કરી રહ્યા છીએ આ દરમિયાન દર્દીઓ સાથે વાતચીત, ગીત ભજન, સંગીતનુ લાઈવ ડેમોન્સ્ટ્રેશન, ટીવીમાંથી relay કરવું, ઈન્સ્ટુમેન્ટલ મ્યુઝિક બંસરી જેવા વાદ્યોથી તેમને આનંદિત રાખીએ છીએ...'

આ વોર્ડના દર્દી ૩૩ વર્ષીય ભારતીય આકાશ કહે છે કે 'હું છેલ્લા ૧૮ દિવસથી અહીં સારવાર લઈ રહ્યો છું... અગાઉ ખુબ બોર થતો હતો પરંતુ જ્યારથી આ સંગીત થેરાપી શરૂ થઈ છે ત્યારથી મારું મન અત્યંત આનંદિત રહે છે...'


અન્ય એક દર્દી કહે છે કે 'સંગીત સાંભળવાથી મનમાંથી ભયજનક વિચારો દૂર થાય છે અને નવા સારા વિચારો આવે છે... અમારે મન તો ડોક્ટર ભગવાન છે પરંતુ મ્યુઝિક થેરાપીથી આ ડોક્ટરોએ હવે અમારા માટે એક નવું આનંદમય વાતાવરણ ઉભું કર્યું છે...' અને એક મહિલા દર્દી તો સુર સાથે તાલ મિલાવતા ડોક્ટરોને ઉદ્દેશીને ગાય છે કે, 'તુમ નારાજ ના હોના, તુમ મેરી જિંદગી હો તુ મેરી બંદગી હો...'

મ્યુઝિક થેરાપી ના આ પ્રયોગ કોરોનાના દર્દીઓ ને ઝડપથી સાજા કરવામાં મ્યુઝિક થેરાપી આગવું માધ્યમ પુરવાર થશે તેવું આ તમામ દર્દીઓ માને છે...

સલામ છે આ ડોકટરોના અભિનવ પ્રયોગને...

**સાદરામાં વિશ્વ પર્યાવરણ સપ્તાહ અંતર્ગત**

# કોરોના મહામારી અને પર્યાવરણ વિષય વેબિનારનું આયોજન




ચિલોડા, તા. ૧૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરામાં વિશ્વ પર્યાવરણ સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે કોરોના મહામારી અને પર્યાવરણ વિષય પર ચર્ચા કરી એક સરસ અને પ્રેરણાદાયી વેબીનારનો આયોજન કરવામાં આવ્યું હતું .

જેમાં તજજ્ઞ તરીકે શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ સ્પીકર તરીકે ભાગ લીધો હતો જેમાં મુખ્ય વક્તા તરીકે સંસ્થાના ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ પર્યાવરણમાં સંભાળમાં ગાંધીજીની ભૂમિકા વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું વિદ્યાર્થીઓમાં સ્પીકર તરીકે કાજલ પટેલ. હર્ષ મેહતા, કિશન બાવળિયા, જીનાલી મોતા, હસ્તી વેગડ અને દેવાશીષ મોહન્તીએ પર્યાવરણના જુદા જુદા આયામો પર દાખલા સાથે પોતાની વાત કરી હતી અને કોરોના મહામારીમાં લોક ડાઉનના ગાળામાં પર્યાવરણમાં શું શું ફેરફાર થયા છે તેના પર સરસ ચર્ચા કરી હતી અને એક માનવ તરીકે અમે કેવી રીતે પર્યાવરણનું જતન કરી શકીએ અને લોકોને પર્યાવરણ સંભાળમાં તેમની શું જિમ્મેદારી અને જવાબદારી હોય છે તે વિષય તેમને જાગૃત્ત કરી શકીએ છીએ આ વેબીનારમાં ઓડિયન્સમાંથી પણ સેલ્વીના ક્રિશ્ચિયન અને મીન્હાજ મન્સૂરીએ પણ પર્યાવરણના સંદર્ભમાં પોતાના વિચાર રજુ કર્યા હતા.

વેબિનારની ચર્ચાના અંતે આ રજુ કરવામાં આવ્યું કે આપને બધાજ મળીને પર્યાવરણની કેવી રીતે જતન કરી શકીએ અને પર્યાવરણના ખતરાઓને અને મુશ્કેલીઓને કેવી રીતે ઓછો કરી શકીએ અને પૂજ્ય મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત વિદ્યાપીઠના વિદ્યાર્થી અનુનાયી તરીકે કઈ રીતે પર્યાવરણ સાથે રહી કુદરતને સહકાર આપવો જોઈએ અને ગાંધીજી દ્વારા બતાવેલ માર્ગ અને વિચારો દ્વારા કેવી રીતે પર્યાવરણને ખુબજ સારો બનાવવો જોઈએ તે સંકલ્પ કરવામાં આવ્યું હતું.

વિશેષમાં જણાવવાનું કે શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓના સહયોગથી પર્યાવરણ જાગૃત્તિના ક્ષેત્રે ખુબજ સારી પ્રવૃત્તિઓના લીધે આ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા પરિસરને વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકારની નોડલ એજેન્સી ગીર ફાઉન્ડેશને આ પરિસરને ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકે માન્યતા આપવામાં આવી છે અને તેનો સરસ એવો નામ ગાંધી સૃષ્ટિ પરિસર રાખવામાં આવ્યું છે જયારે સંપૂર્ણ આયોજન અને સંચાલન ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતો

# કોરોના યોદ્ધાઓ તરીકે અને આત્મનિર્ભર બનવા પશુપાલકોની ભૂમિકા અંગે રાજ્યકક્ષાનો સેમિનાર સાદરામાં યોજાયો

ચિલોડા, તા. ૧૩


ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં બા-બાપુ ૧૫૦ તેમજ ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ ઊજવણીના ભાગરૂપે કોરોના યોદ્ધાઓ તરીકે અને આત્મનિર્ભર બનવા પશુપાલકોની ભૂમિકા અંગેનો રાજય કક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં ૧૩૦ વિદ્યાર્થીઓ અને પશુપાલકોએ ભાગ લીધો હતો. ઓનલાઈન સેમિનારના મુખ્ય વક્તા સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૬૮ દિવસના લોકડાઉનનાં મોટા ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, નાના ઉદ્યોગ, રેસ્ટોરન્ટ, અનાજ માર્કેટ, શાકભાજી માર્કેટ, શહેરો-ગામડાની દુકાનો બંધ હતા ત્યારે સવાર-સાંજ જયારે માંગો ત્યારે દૂળ મળી રહેતું હતું. આ દૂધ કોઈ ફેકટરીમાં ઉત્પન્ન નહોતું કરતું કે કોઈ ડેરી ઉદ્યોગ સંપન્ન નહોતું કરતું. આ દૂધ તો પશુપાલકો પોતાના ઘેર પશુપાળકોમાંથી કરતા હતા.




લોકડાઉનમાં બધું બંધ હતું ઘરમાં રહો અને સુરક્ષિત રહો. એવા સમયે પશુપાલકો સવાર-સાંજ દૂહ દોહન કરવું, આ દૂધ મંડળીમાં ભરાવવા જવું, ખેતરમાં ઘાસ વાવવું, ઘાસ લાવવું, ઘાસ ખવડાવવું, દાણ લેવા જવું, પશુ બાંધવાની જગ્યા સ્વચ્છ રાખવી, છાણના નિકાલ માટે ઉકરડા સુધી જવું, બીમાર પશુની સારવાર કરવી, આવા કપરા સમયમાં ભારત સરકારની ગાઈડલાઈનનો અમલ કરી પશુપાલકોની અથાગ પરિશ્રમ કરી જનસમૂહને સવાર-સાંજ દૂધ પૂરું પાડ્યું હતું. ત્યારે આ પશુપાલકો કોરોના યોદ્ધાઓ તરીકે બિરદાવવા જ પડે.

લોકડાઉનમાં જરૂરિયાતવાળા લોકોને ચાની ભૂક્કી, તમાકુ મશાલા, સિગરેટ, શાકભાજી, ફળફળાદી, વગેરે મળતું ન હતું, ત્યારે દરરોજ દૂધ મળતું હતું તે દૂધ પશુપાલકો ઉત્પન્ન કરતા હતા. મારા મતે તો પશુપાલકો, દૂધ ઉત્પાદકો, દૂધ વિતરકો, દૂધ મંડળીઓ અને કર્મચારીઓ ડેરી ઉદ્યોગ, મધુર ડેરી, સાબર ડેરી, બનાસ ડેરી, દૂધ સાગર ડેરી, અમૂલ ડેરીના બધા જકર્મચારીઓ કોરોના વોરિયર્સ (યોદ્ધાઓ) ગણાય. આ ઉપરાંત વક્તા રમેશભાઈ પટેલ એ વિશેષણમાં જણાવતા કહ્યું કે માનવ જીવનમાં દૂધની ઉપયોગીતા સામાજિક પ્રસંગોમાં દૂધમાંથી બનાવવામાં આવતી બનાવટો વિશે અને ધાર્મિક પ્રસંગોમાં દૂધના ઉપયોગ વિશે વિગતવાર માહિતી આપી. હતી. આજના ગામડાઓ જો આત્મનિર્ભર હોય તો તે પશુપાલનના લીધે છે. ગામડાઓના પાકા મકાન, ટાઈલ્સ, કોટાસ્ટોન વાળા મકાનો, બાથરૂમ ટોઈલેટ વાળા મકાનો બન્યા હોય તો તે પશુપાલકો વ્યવસાય દ્વારા જેના પાયામાં પશુપાલકો રહ્યા છે માટે કોરોના યોદ્ધાઓમાં પશુપાલકો ગણાય અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પણ પશુપાલકો પ્રથમ હરોળમાં આવી શકે. કાર્યક્રમનું સંકલન ડૉ. નયનેશ વસાવાએ કર્યું હતું. આભાર દર્શન પ્રાધ્યાપક ડૉ. મોતીભાઈ દેવુએ કર્યું હતું.

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં 'નોન ફાયર કુકિંગ' ઓનલાઈન વર્કશોપ યોજાયો




ગાંધીનગર, તા. ૧૩

બાળકો જંક ફૂડથી દૂર રહે અને પૌષ્ટિક આહારની આવશ્યકતા સમજે તે હેતુથી, એશિયાના લાંબા સમયથી ચાલતા રસોઈ શોના એન્કર એવા મિત્તલ શાહ ના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપ યોજવા માં આવેલ. ફાયર વગર પણ ખોરાક બનાવી શકાય તેનું મહત્વ સમજાવતા આ ઓનલાઈન વર્કશોપમાં વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસની શાળાનાં વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે જોડાયા હતા.

# લીંબોદરા હાઈસ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૩

ધોરણ-૧૦ એસએસસી માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં પી પી આર શાહ હાઈસ્કૂલ લીંબોદરાની વિદ્યાર્થીની વાઘેલા ગાયત્રી વિજયસિંહે ૮૭.૬૬ ટકા માર્કસ મેળવીને સમગ્ર લીંબોદરા પરીક્ષા કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને હાઈસ્કૂલનું તેમજ લીંબોદરા ગામનું ગૌરવ વધાર્યું છે. તે બદલ લીંબોદરા સેવા સમાજનાં પ્રમુખ નરેશભાઈ શાહ ગામનાં સરપંચ રણજિતસિંહ વાઘેલા તથા શાળાનાં આચાર્ય તેજસિંહ પરમાર તથા સમગ્ર શાળા પરિવાર વતીથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગર ઠક્કર સમાજનું ગૌરવ




ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. જેમાં દેવાંગભાઈ હરિભાઈ અખાણી અને સોનલબેન અખાણી ના સુપુત્ર ચિ. વ્યોમ અખાણીએ ધોરણ- ૧૦ માં ૯૭% પર્સન્ટાઈઝ રેન્ક મેળવ્યો હતો અને વિજ્ઞાનના વિષયોમાં એ-૧ ગ્રેડ તેમજ ઓવરઓલ એ-૨ ગ્રેડ મેળવ્યો હતો. ચિ. વ્યોમએ ગાંધીનગર ઠક્કર સમાજ નું ગૌરવ વધાર્યું હતું. જેને લઈને સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ હેકાથોન "Crack the COVID-19 Crisis" માં પ્રથમ ક્રમાંક મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઈ.સી. એન્જીનીયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અઝીઝ સુતેરવાલા એ રાષ્ટ્રીય કક્ષા એ IBM, NASSCOM, BEATEST અંતર્ગત યોજાયેલ હેકાથોન "Crack the COVID-19 Crisis" માં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જેમાં અઝીઝ સુતેરવાલા




એ પ્રવીણ અનસુર્યા (Co-founder, Digibeings) તથા અન્ય વિદ્યાર્થીઓ નિશા યાદવ તથા પ્રશાંત ઝા સાથે મેશપ ટીમ ૧૩ અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત વર્ચ્યુઅલ હ્યુમન રોબોટ IRA એપ્લિકેશન પ્રોટોટાઈપ ડિઝાઈન કરી છે. જે મોબાઈલ ફોનના ફ્રન્ટ કેમેરાનો ઉપયોગ કરીને ફેસ ટુ ફેસ જેતે વ્યક્તિ સાથે તેની ભાષામાં ઈન્ટરેકશન કરી છે.આ ઈન્ટરેકશન દ્વારા તે વ્યક્તિ પાસે થી કોરોના વાયરસને લગતી માહતી,સ્ટેટ ઓફ હેલ્થ, મેડિકલ હિસ્ટ્રી,ટ્રાવેલ હિસ્ટ્રી જેવી ઈન્ફોર્મેશન લે છે આ ઉપરાંત હ્યુમન રોબોટ IRA જેતે વ્યક્તિ નો ઓક્સિજન સેચ્યુરેશન રેટ,રેસ્પિરેશન રેટ, હાર્ટ રેટ જેવી માહતી આપવા માટે સક્ષમ છે આ ઉપરાંત જેતે વ્યક્તિ માટે તાવ, કફ કે ગળામાં ઈન્ફેક્શનના લક્ષણ જણાય તો તેની માહતી એડ કરી ને જેતે ડોક્ટર કે ફિઝિશિયન નો સંપર્ક થઈ શકે તેવી ફેસિલિટી પણ ઇછ પ્રોવાઈડ કરે છે.આ બધીજ ઈન્ફોર્મેશન ક્લાઉડ ઉપર સ્ટોર કરી શકાય છે જેથી વ્યક્તિ માત્ર ઘરે રહીને માત્ર હ્યુમન રોબોટ IRA એપ્લિકેશન દ્વારા હેલ્થ ડાયાગ્નોસીસ કરી શકે છે અને તે ને હોસ્પિટલ જવાની જરૂર રહેતી નથી.ઉપરોક્ત હ્યુમન રોબોટ IRA તેની ડિઝાઈન માટે યુનિક એવી રીતે છે કે તે હોસ્પિટલ માં ભીડ થતી રોકે છે.કેરળ માં ફોટા દ્વારા,દિલ્હી માંજીપીએસ દ્વારા, તથા અન્ય જગ્યા એ ફોન કોલ્સ દ્વારા જે મોનીટરીંગ કરવામાં આવે છે તેમાં એવા પ્લેસીસ છે જ્યાં તાત્કાલિક મેડિકલ ફેસિલિટી અવેલેબલ નથી ત્યાં અસરકારક સાબિત થાય છે આ ઉપરાંત વધતા કોરોના કેસ માટે સર્વે માં પણ વધારે ટીમ ની જરૂર પડે છે ત્યાં રિમોટ સર્વે માં હ્યુમન રોબોટ IRA અસરકારક છે આ ઉપરાંત ઘણા દેશો માં હોમ ક્વોરેન્ટાઈન માટે વિઅરેબલ ડિવાઈસીસ ઉપલબ્ધ છે પણ કિંમત ઘણી ઉંચી હોવાથી દરેક માટે શક્ય નથી એવા સંજોગોમા હ્યુમન રોબોટ IRA ઉપયોગી છે ઉપરાંત માનસિક સ્વાથ્ય માટે પણ તે ઉપયોગી છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે બીવીએમ ના વિદ્યાર્થી ની રાષ્ટ્રકક્ષા ની આ સિદ્ધિ એ જનસેવા દ્વારા રાષ્ટ્રસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે આ ઉપરાંત તે અન્ય વિદ્યાર્થીઓને પણ covid-19 મહામારીને લીધે પડતી મુશ્કેલીઓ માટે ટેક્નોલોજિકલ સોલ્યુશન લાવવા માં પ્રેરણાદાયી નીવડશે. અત્રે ઉલ્લેખીનય છે કે covid-19 પૅન્ડેમિક લોકડાઉન માં બીવીએમ ના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ એ એન્ડ્રોઈડ એપ્સ,ફેસ શિલ્ડ તથા સૅનેટાઈઝર મશીન ડિઝાઈન કરીને સફળતાપૂર્વક લોન્ચ કાર્ય છે જે સમાજ માટે ખુબ ઉપયોગી છે.

ડૉ.ભાર્ગવ ગોરડિયા (SPOC NASSCOM, બીવીએમ) એ જણાવ્યું હતું કે ઉપરોક્ત હેકાથોન "Crack the COVID-19 Crisis" માં રાષ્ટ્રકક્ષા એ ૨૬ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશ માંથી ૨૬,૪૭૮ રજિસ્ટ્રેશન અંતર્ગત ૩૮૭૫ ટીમો એ ભાગ લીધો હતો તેમણે IBM ના ટેક્નિકલ મેન્ટર્સના માર્ગદર્શન હેઠળ ૫૮૦ સોલ્યુશન્સ રજુ કર્યા હતા. આ પ્રસન્ગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

બહુ સાચવીને ચાલવું પડે છે જીવનમાં... એક તરફ લાગણી હોય છે... અને બીજી તરફ ફરજો હોય છે...

## જન્મદિને વધામણી



માલાબેન જે વોરા
ફોન : ૨૩૨૧૧૧૨૦




ધિરેન આર પરમાર
મો. ૬૩૫૧૭ ૧૫૮૭૩



આયુષ તુષારકુમાર શ્રીમાળી



વણકર પ્રકાશ (ગુરુ)
મો. ૮૭૫૮૩ ૦૨૩૦૨



કથન ચારેલ
મો. ૮૧૨૮૬ ૭૦૯૬૨



યથાર્થ ભાસ્કર પરમાર
મો. ૯૮૨૪૬ ૨૧૧૪૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**